જિંદગી આપણા ઇશારા અને ઇચ્છા મુજબ ચાલતી નથી, આપણે જિંદગીના ઇરાદા મુજબ ચાલવાનું હોય છે
- પન્નાલાલ પટેલ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૦૦ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૩, સોમવાર; ભાદરવા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી વિધાનસભાનું ચોમાસુ સત્ર

## ત્રિદિવસીય સત્ર તોફાની બની રહેવાના સંકેતો : સરકાર લોકાયુક્ત બિલમાં આંશિક સુધારા સાથે પુનઃ રજુ કરશે

## સચિવાલય સંકુલમાં લોખંડી સુરક્ષા

ગાંધીનગર, તા.૨૯

વિધાનસભા સત્રનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવતા સચિવાલય સંકુલ પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે.

ગુજરાત વિધાનસભાનુ ટૂંકું સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે બીજી બાજુ ગાંધીનગરમાં ૧લી ઓકટોબરના રોજ કોંગ્રેસ દ્વારા સરકારની વિવિધ ક્ષેત્રે નિષ્ફળતા તથા લોકાયુકત સહીતના મુદ્દાને લઈને રેલી અને ધરણાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલી દરમિયાન કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની જાહેરાત કરવામાં આવતા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે અને સાવચેતીના પગલારૂપે શહેરમાં સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા કાર્યક્રમના પગલે શહેરમાં મોટી સંખ્યામાં પોલીસ અને એસ.આર.પી.ના જવાનો સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર ૬ એસ.પી. ૨૨ ડીવાયએસપી ૫૨ પીઆઈ ૧૬૩

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વિધાનસભાનું આજથી આરંભાઈ રહેલ ચોમાસુ સત્રમાં રાજ્ય સરકાર લોકાયુક્ત અંગેનું બિલ આંશિક સુધારાઓ સાથે રજુ કરશે.

આજથી રાજ્ય વિધાનસભાના શરૂ થઈ રહેલ ચોમાસુ સત્રને લઈ પાટનગરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ત્રિદિવસીય આ સત્ર દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બે સુધારા વિધેયકો રજુ થનાર છે.

વિધાનસભાના આ સત્રના અંતિમ દિવસો રાહુલ ગાંધી ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે તેને લઈ પણ રાજકીય ગરમાવો વધુ જોવા મળી રહ્યો છે. વિધાનસભાનું આ સત્ર તોફાની બનશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસનું ટુંકુ સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે સરકારને ભીંસમાં લેવા વિપક્ષ આક્રમક રણનીતિ અપનાવે તેવી શકયતાને પગલે આ સત્ર તોફાની બની રહે તેવી સંભાવના છે.

વિધાનસભાનું ત્રણ દિવસના ટુંકા સત્રનો આજથી પ્રારંભ થનાર છે. સત્રના પ્રથમ દિવસો વિધાનસભાના પૂર્વ દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવશે અને શોકદર્શક ઉલ્લેખ રજુ કરવામાં આવશે.

શરૂ થતા ત્રણ દિવસના ટૂંકા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા અગાઉના સત્રમાં પસાર કરેલ અને રાજ્યપાલશ્રીએ પુનઃ વિચારણા માટે અને સુધારા કરવાની ભલામણ સાથે પરત મોકલેલ લોકાયુક્ત સુધારા વિધેયક અને એક શિક્ષણને લગતુ વિધેયક પુનઃ રાજ્ય સરકાર દ્વારા આ સત્રમાં રજુ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વધુ બે નવા સુધારા વિધેયકો

● અનુસંધાન પાન-૭ પર



## કપાસ-ડાંગર અને બાજરીમાં નુકશાનનો ભય





(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### ભારે વરસાદથી ખેતીને થયેલ નુકસાનનો અંદાજ મેળવવા તંત્રએ હાથ ધરેલ સર્વેલન્સ : ત્રણ દિવસમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન થશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિને પગલે કપાસ, ડાંગર અને બાજરીના પાકમાં નુકશાન થવા પામ્યું છે. જો કે જિલ્લાતંત્ર દ્વારા નુકશાન અંગે સર્વેલન્સ શરૂ કર્યુ છે અને ૩ દિવસમાં આ સર્વેલન્સ પૂર્ણ થશે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ચોમાસા દરમ્યાન સરેરાશ કરતાં વધુ વરસાદ થયો છે. છેલ્લા એક સપ્તાહથી થઈ રહેલા વરસાદને કારણે આ ખરીફ પાકને નુકશાન થયું છે.

જિલ્લામાં થયેલા નુકશાન અંગે સરકારના ખેતીવાડી વિભાગે કરેલા આદેશોને પગલે હવે તંત્રએ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જે ત્રણ દિવસમાં કામગીરી સંપન્ન થશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લામાં પ્રાથમિક અંદાજો પ્રમાણે કપાસના પાકમાં ૨૦ ટકા તો ડાંગરના, બાજરીના પાકમાં ૧૦ થી ૧૫ ટકા જેટલુ નુકશાન થવા પામ્યું છે. જો


● અનુસંધાન પાન-૭ પર

## સિવિલ હોસ્પિટલના આઈસીસીયુમાં જ દર્દીઓને ચેપ લાગવાની ઘટના !!

### આઈસીસીયુને જંતુમુક્ત કરવા માટે એક દિવસ આખુ યુનિટ બંધ રાખવુ પડ્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી સિવિલ હોસ્પિટલના આઈસીસીયુ વોર્ડમાં વારંવાર ચેપીરોગના દર્દીઓના ચેપ ફેલાતા હોવાની ચોંકાવનારી વાતોએ ચકચાર જગાવી છે.



આઈસીસીયુ વોર્ડમાં સામાન્યતઃ હાર્ટના પેશન્ટ રાખવામાં આવતા હોય છે પરંતુ હાલ સિવિલ હોસ્પિટલમાં ટી.બી., સર્જીકલ, તેમજ અન્ય રોગોના ઘણા બધા પેશન્ટોને રાખવામાં આવી રહ્યા છે. જેના કારણે આઈસીસીયુ યુનિટ જનરલ વોર્ડ જેવું રૂપાંતર થઈ જવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલમાં જ ઈન્ફેકશન કંટ્રોલ યુનિટ દ્વારા કરાયેલ તપાસમાં હાર્ટના દર્દીઓને અન્ય રોગોના ચેપ લાગુ પડ્યાનું જણાતાં એક દિવસ માટે આ આઈસીસીયુ બંધ રાખવાની સત્તાવાળાઓને ફરજ પડી હતી.

આ પછી આખા યુનિટને જંતુમુક્ત કરી અને પુનઃ કાર્યરત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ માટેનું નવુ કેમ્પસ તૈયાર થઈ રહ્યુ છે. અને તેમાં દરેક વિભાગના અલગ આઈસીયુ યુનિટ તૈયાર થવાના છે. હાલ એક જ યુનિટ હોસ્પિટલમાં કાર્યરત છે પણ તેના પર ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.

ટી.બી. હોસ્પિટલનું સંકુલ તોડી પાડવામાં આવ્યું છે અને તેને સિવિલ કેમ્પસમાં જગ્યા ફાળવવામાં આવી છે તેમજ અલગ વોર્ડ પણ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત સર્જીકલ માટે પણ અલાયદો વોર્ડ છે.

આમ છતાં ઘણા બધા પેશન્ટો આઈસીસીયુમાં જ જોવા મળી રહ્યા છે. આ દર્દીઓને કારણે અહિ જેને ખરેખર જરૂરત હોય તેવા દર્દીને ઘણીવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

સિવિલ હોસ્પિટલના સત્તાવાળાઓએ હવે આ મુદ્દે ગંભીર બની અને તમામ યુનિટોને આઈસીસીયુમાં દર્દીને મોકલવા માટેના વ્યાજબી કારણો રજુ કરવાની સૂચનાઓ આપી હોવાનું પણ જાણવા મળે છે.

## રાજ્ય સરકારને ભીંસમાં લેવા વિપક્ષ કોંગ્રેસે ઘડેલી આક્રમક વ્યુહરચના

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને અતિવૃષ્ટિના મુદ્દે વિપક્ષ કોંગ્રેસ રાજ્ય સરકારને ભીંસમાં લેવા આક્રમક વિપક્ષની ભૂમિકા નિભાવશે.



વિધાનસભાનું ટુંકુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે આ સત્રમાં રાજ્ય સરકારને ભીંસમાં લેવાની વ્યૂહરચના વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોની બેઠકમાં ઘડી કાઢવામાં આવી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં દિનપ્રતિદિન વધતી ગુનાખોરીને કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં રાજ્ય સરકારની નિષ્ફળતાને છતી કરવા માટે વિપક્ષ કોંગ્રેસ દ્વારા આ સત્રમાં કથળતી જતી કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિના મુદ્દાને મુખ્ય મુદ્દો બનાવીને સરકારને ભીંસમાં લેવા વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત તાજેતરમાં જ રાજ્યમાં આવેલા ભારે વરસાદને કારણે કૃષિક્ષેત્રે મોટુ નુકશાન થવા પામ્યું છે. ખેડૂતોનો ઉભો પાક નાશ પામવા પામ્યો છે. આથી આ મુદ્દે રાજ્યમાં અતિવૃષ્ટિથી થયેલ નુકશાન અને લીલો દુષ્કાળ જાહેર કરવાની માંગણી સાથે કૃષી સહાય પેકેજ જાહેર કરવાની માંગણી કરીને આ મુદ્દે રાજ્ય સરકારને ભિંસમાં લેવા આક્રમક ભૂમિકા નિભાવશે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના શાસન દરમ્યાન થયેલ ભ્રષ્ટાચારોને પણ મુદ્દો બનાવીને કોંગ્રેસ સરકારને ભીંસમાં લેવા માટેના પ્રયાસો કરશે.



(અહેવાલ અને તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચણોઠીના વેલાની માગ - ગાંધીનગર જીલ્લાના દહેગામ વિસ્તારના એક ગામમાં ચણોઠીના લીલા પાનના વેલાનું એકત્રિકરણ કેન્દ્ર બનાવાયું છે... વિજાપુર અને ખેરાલુ વિસ્તારમાંથી પાનનો જથ્થો રીક્ષા દ્વારા લવાઈ મોટી સંખ્યામાં વેચાણ થાય છે... આજકાલ એક કિલોના ૨૦૦ રૂપિયાનો ભાવ ચાલે છે... ચણોઠીના વેલાની ઔષધિ તરીકે ખૂબ જ ઉપયોગ થાય છે... વાડ પર ઉગેલી ડોડી અને ચણોઠી આયુર્વેદિક ઔષધિ તરીકે ઉપયોગમાં આવતી હોવાનું મનાય છે... માંગ વધતા આજકાલ ચારથી પાંચ રીક્ષા ભરેલા વેલા ગોધરા, વડોદરા અને મધ્ય ગુજરાતના અન્ય વિસ્તારોમાં રવાના થાય છે... ખેડૂતો આ ડોડી અને ચણોઠીના વેલામાં સારી એવી આવક મેળવી ખેતીમાં વધારે સહયોગી આવક મેળવી શકે છે... ગાંધીનગર જિલ્લામાં ચિલોડા, છાલા વિસ્તારમાં શાકભાજીનું પણ વ્યાપક વાવેતર થાય છે... ખાસ કરીને કોબીજ, ફુલાવર, ટામેટા, અને કાકડી અમદાવાદના શાકમાર્કેટમાં જથ્થાબંધના ભાવે વેચાય છે... આ ચણોઠી અને ડોડીના વેલાનું નવું બજાર ખુલતા દહેગામ અને ચિલોડા વિસ્તારના ખેડૂતો વધુ સમૃદ્ધ થઈ રહ્યા છે.










LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬